# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૯ તા.૨૫-૦૧-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ‘‘પરીક્ષા પે ચર્ચા - ૨૦૨૪’’ કાર્યક્રમના પ્રસારણના સમયની જાણ કરવા બાબત.

સંદર્ભ : ગુજરાત મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ મઉમશબ/ સંશોધન/ ૨૦૨૪/૬૩૮-૭૩, તા. ૨૫-૦૧-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભિતપત્ર અન્વયે જણાવવાનું કે, માન. પ્રધાનમંત્રીશ્રી ‘‘ પરીક્ષા પે ચર્ચા - ૨૦૨૪’’ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૯-૦૧-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ભારત મંડપમ પ્રગતિ મેદાન, નવી દિલ્હીથી વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ સાથે સંવાદ કરશે. જેનું જીવંત પ્રસારણ દૂરદર્શન દ્વારા DD National, DD News અને DD India ચેનલો પર, (આકાશવાણી) રેડિયો ચેનલ પર ( All India Radio Medium Wave, All India Radio FM channel) તથા PMO ની વેબસાઈટ પર, MoE, Door Darshan, MyGov.in ની વેબસાઈટ પર MoE ની You Tube Channel પર, Facebook Live અને MoE Swayamprabha/ Diksha Channel પર લાઈવ વેબ સ્ટ્રીમીંગ (જીવંત પ્રસારણ) કરવામાં આવનાર છે. તો મ્યુનિ. શાળામાં અભ્યાસ કરતા ધો. ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ આ કાર્યક્રમ નિહાળે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. વધુમાં સદર કાર્યક્રમનો ફોટોગ્રાફનો અહેવાલ ઝોન કચેરી મારફતે મુખ્ય ઓફિસે મોકલી આપવાના રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૫-૦૧-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ

શાસનાધિકારી

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૬૩૮-૭૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૫/૦૧/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય : "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમના પ્રસારણના સમયની જાણ કરવા બાબત.

સંદર્ભ : શિક્ષા મંત્રાલય,ભારત સરકારનો પત્રક્રમાંક D.O.No.૬-૧૦/૨૦૨૩-PMP-૫-Part(4), તા.૧૯/૦૧/૨૦૨૪નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માનનીય પ્રધાનમંત્રીશ્રી "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ અંતર્ગત તા.૨૯/૦૧/૨૦૨૪ના રોજ ભારત મંડપમ, પ્રગતિ મેદાન, નવી દિલ્હીથી વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ સાથે સંવાદ કરશે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન દ્વારા DD National, DD News, અને DD India ચેનલો પર પ્રસારિત કરવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ (આકાશવાણી) રેડિયો ચેનલ પર (All India Radio Medium Wave, All India Radio FM channel) તથા PMOની વેબસાઇટ પર, MoE, Door Darshan, MyGov.in ની વેબસાઇટ પર , MoE ની You Tube channel પર, Facebook Live અને MoE ની Swayamprabha/ Diksha channel પર લાઇવ વેબ સ્ટ્રીમીંગ(જીવંત પ્રસારણ) કરવામાં આવશે.

માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમનું પ્રસારણ **તા.૨૯/૦૧/૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે** થનાર છે. આ અંગે આપના તાબાની તમામ શાળાઓને જાણ કરશો. આ કાર્યક્રમ આપના જિલ્લાની તમામ શાળાઓના ધો-૬ થી ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ , શિક્ષકો અને વાલીઓ નિહાળે તે અંગેની જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તરફ જાણ સારું તથા આપના તાબાના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી માટે યોગ્ય સૂચના આપવા માટે વિનંતી.